## જીલ્લા આરોગ્ય સોસાયટી, નર્મદા જાહેરાત-(૧૧ માસ કરાર આધારીત ભરતી)

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત એન.પી.-એન.સી.ડી (એન.પી.સી.ડી.સી.એસ) પ્રોગ્રામ હેઠળ નર્મદા જિલ્લા માં નીચે જણાવેલ સંવર્ગની ખાલી જગ્યા તદન હંગામી ધોરણે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવે છે. લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ આરોગ્યસાથી પ્રવેશ મોડયુલ ની લિંક https://arogyasathi.gujarat.gov.in તા.૨૫/૧૧/૨૩ (૧૨:૦૦ કલાકથી) તા.૦૪/૧૨/૨૩ (રાત્રીના ૧૧:૫૯) સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. દર્શાવેલ પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ,ઉંમર અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણીક લાયકાત | ફિક્સ માસીક પગાર |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (એમ.બી.બી.એસ) જિલ્લા એન.સી.ડી ક્લિનિક, જ. હો. રાજપીપળા | **Education Qualifications:** MBBS or equivalent degree from institution recognized by Medical Council of India.<br>**Experience (Desirable):** 3 year experience of working in a Hospital.<br>**Age Limit:** up to 67 years | ૬૦,૦૦૦/- |

❖ **ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ:**

❖ ઉમેદવારની ફકત ઓનલાઇન **https://arogyasathi.gujarat.gov.in** પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી., સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ દ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ.

❖ સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરીઝનલ ડોક્યુમેન્ટ ની ફોટોકોપી સોફ્ટવેર માં ફરજીયાત અપલોડ કરવાની રહેશે જો અસ્પષ્ટ,ન વંચાય તેવા ડોક્યુમેંટ અપ લોડ કરેલા હશે તો તેવી અરજી રદ ગણવામાં આવશે.

❖ અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.

❖ ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરી શકશે નહી

❖ ઉમેદવારોએ કોમ્પ્યુટરની પ્રેક્ટિકલ પરિક્ષા આપવાની રહેશે.

❖ ઉકત જગ્યા માટે નો પત્ર વ્યવહાર અત્રેની કચેરી ખાતેથી ફક્ત ઇ-મેલ મારફતે જ કરવામાં આવશે. જેથી તમામ ઉમેદવારોએ તેઓના ઈ-મેલ આઇ.ડી. ખાસ કરીને હાલ કાર્યરત હોય તેજ દર્શાવવાનાં રહેશે.

❖ ઉક્ત જગ્યાઓ માટે દરેક ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલા જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર વિગેરેની આરોગ્ય સાથી પોર્ટલમાં જણાવ્યા મુજબ સંપુર્ણ અભ્યાસ કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

❖ વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :- ૦૪/૧૨/૨૦૨૩ ની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવશે.

❖ **નિમણુંકને લગત જેવાકે જગ્યાઓમાં વધારો કે ઘટાડો કરવો, ભરતી પ્રક્રિયા રદ કરવી અથવા તેને લગત તમામ આખરી નિર્ણય મિશન ડાયરેક્ટર અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા અબાધીત રહેશે.**

-સહી-

**મિશન ડાયરેક્ટર અને**
**મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી**
**જીલ્લા પંચાયત નર્મદા**